International Journal of Applied Research 2021; 7(7): 315-317




**ISSN Print:** 2394-7500
**ISSN Online:** 2394-5869
**Impact Factor:** 8.4
IJAR 2021; 7(7): 315-317
www.allresearchjournal.com
Received: 17-04-2021
Accepted: 05-06-2021

**Dr. Manish Patel**
Department of Comparative Literature, Veer Narmad South Gujarat University, Surat, Gujarat, India

**Corresponding Author:**
**Dr. Manish Patel**
Department of Comparative Literature, Veer Narmad South Gujarat University, Surat, Gujarat, India

# ઐતિહાસિક નવલકથા તરીકે 'ગઢકુંડાર' અને 'પૃથિવીવલ્લભ' નો વિષયવસ્તુલક્ષી તુલનાત્મક અભ્યાસ

**Dr. Manish Patel**

ઐતિહાસિકતાના સંદર્ભમાં કોઈ સાહિત્યકૃતિ નો અભ્યાસ કરવાનો હોય, ત્યારે આપણી સમક્ષ એક વાત સ્પષ્ટ થાય છે કે, આપણી સાથે ઈતિહાસ પણ છે, અને સાહિત્ય પણ છે. ઐતિહાસિક નવલકથા માં ઈતિહાસ અને સાહિત્ય બન્નેનો સમન્વય છે. સર્જક જ્યારે સર્જન કરે છે, ત્યારે ઈતિહાસમાં બનેલી ઘટનાઓ કે, તવારીખોને જોતો નથી, પણ એ ઐતિહાસિક ઘટનામાં કલ્પના દ્વારા નવો આકાર આપે છે. અહીં ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં કનૈયાલાલ મુનશીની 'પૃથિવીવલ્લભ' અને વૃંદાવનલાલ વર્માની 'ગઢકુંડાર' નવલકથાઓનો તુલનાત્મક અભ્યાસ કરવાનો પ્રયત્ન કર્યો છે. ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે નવલકથાનો આરંભ ઐતિહાસિક નવલકથાકારોને ફાળે જાય છે. ગુજરાતીની પ્રથમ નવલકથા નો પ્રારંભ 'કરણઘેલો' થી થયો છે. પછી ઘણા સર્જકોએ ઐતિહાસિક નવલકથાઓ આપી. કનૈયાલાલ મુનશી ગુજરાતી સાહિત્યના મહત્વનાં ઐતિહાસિક નવલકથાકાર છે. એમણે ઘણી બધી ઐતિહાસિક નવલકથાઓ આપી છે. પણ પોતાની ઐતિહાસિક નવલકથામાં ઈતિહાસની તરફ નિષ્ઠાવાન રહ્યાં નથી, પણ તેમણે કથાવસ્તુનું રસમય રીતે નિરૂપણ કર્યું છે, એ જ મુનશીની મોટી સિધ્ધિ કહેવાય. હિન્દી સાહિત્યમાં જોઈએ તો, ગુજરાતી ની અપેક્ષાએ હિન્દીમાં ઐતિહાસિક નવલકથા લખવાની શરૂઆત મોડી થઈ. હિન્દીમાં સફળ ઐતિહાસિક નવલકથાનો પ્રારંભ કિશોરીલાલ ગોસ્વામીએ લખેલી 'લવંગલતા' થી થયો છે. એ પછી ઐતિહાસિક નવલકથાનો પ્રારંભ વૃંદાવનલાલ વર્મા એ કર્યો. એમણે લખેલી 'ગઢકુંડાર' થી ઐતિહાસિક નવલકથા નો નવો યુગ શરૂ થયો. એમની નવલકથામાં કલ્પના અને ઈતિહાસ નું મિશ્રણ, પ્રેમની સરળતા અને પાત્રોનું આદર્શ જીવન આલેખાયું છે. એમની પ્રસિદ્ધ ઐતિહાસિક નવલકથા 'ગઢકુંડાર', 'વિરાટપદ્મીની', 'ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ', 'કાંચનાર', 'મૃગનયની', વગેરે છે. હિન્દી ઐતિહાસિક નવલકથાકારોમાં વૃંદાવનલાલ વર્મા નું અગ્રગણ્ય સ્થાન છે. એમની 'ગઢકુંડાર' (૧૯૨૭) બુંદેલખંડની સામાજિક, રાજનૈતિક, ધાર્મિક તથા ઐતિહાસિક પરિસ્થિતિનું અભૂતપૂર્વ ચિત્રણ નવલકથામાં જોવા મળે છે. નવલકથામાં બુંદેલખંડ પૃષ્ઠભૂમિમાં છે. અને બુંદેલખંડના ઈતિહાસ ની વાર્તા લઈને લેખકે પોતાની કથા રજૂ કરી છે. 'ગઢકુંડાર' નવલકથામાં ઐતિહાસિકતા અને કલ્પના નો સુંદર સમન્વય છે. જો કે અહીં નવલકથાની પૃષ્ઠભુમી અધિકાંશ પાત્રો, પ્રસંગો અને ઘટનાઓ તથા તથ્ય ઐતિહાસિક છે. પણ લેખકે એમાં પોતાની આગવી પ્રતિભાથી કલ્પનાના તત્વો પણ ઉમેર્યા છે. નવલકથામાં પાત્રો વિવિધરંગી છે. નાગદેવ, અગ્નિદત્ત, સોહનપાલ, દિવાકર જેવા પાત્રો પોતાની આગવી વિશેષતાઓ સાથે જીવંત થયા છે. સાથે હેમવતી, માનવતી, તારા જેવી સ્ત્રીઓ પણ પોતાની આગવી લાક્ષણિકતા સાથે કથામાં ઉપસી આવી છે.

લેખકે યથાસંભવ ઐતિહાસિક પરિવેશ આપવાનો પ્રયત્ન કર્યો છે. સોહનપાલ, નાગદેવ, હેમવતી, પુણ્યપાલ, ધીરપ્રધાન, વિષ્ણુદત્ત ઐતિહાસિક વ્યક્તિઓ છે. કથામાં નજીવી વાતમાં તલવારો ખેંચવી જાતિ અભિમાનને કારણે એક બીજા ના પ્રાણ લેવા તૈયાર થઈ જવું પ્રેમના ક્ષેત્રમાં નિષ્ફળ જતાં શક્તિ અને છલથી સફળ થવાનો પ્રયાસ કરવો. આ પ્રવૃત્તિઓ લગભગ બધા જ પાત્રો ની અંદર જોવા મળે છે. હેમવતી બુંદેલ કન્યા હતી, અને નાગદેવ ખેંગાર કુમાર, હેમવતી જાતિ ગૌરવના મિથ્યા અભિમાનના કારણે નાગદેવનો તિરસ્કાર કરે છે. અને પછી, નવલકથામાં ભયંકર યુધ્ધ અને નરસંહારની મૂળ ભૂમિકા કથામાં આવે છે. આમ જાતિ અભિમાન ના કારણે નાગદેવ અને હેમવતી નો પ્રણય સફળ થતો નથી. આમ જાતિગત વિષમતાનો ખોટો આદર્શ અગ્નિદત્ત અને માનવતિના પ્રણય ને પણ સફળ થવા દેતો નથી. આમ જાતિગત વિષમતાને લેખકે પોતાના પાત્રોનાં ચરિત્રો દ્વારા રજૂ કર્યા છે. નવલકથામાં ઘણાંબધાં પાત્રો છે. કેટલાક પાત્રો આપણા ચિત્ત પર છવાઈ જાય છે. ખાસ કરીને હેમવતી, તારા અને માનવતી. ગઢકુંડાર નો નાયક ખેંગાર કુમાર નાગદેવ છે. અગ્નિદત્ત ગઢકુંડાર ના શાહુકાર વિષ્ણુદાસ પાંડેનો પુત્ર છે. તે નાગદેવનો ખાસ મિત્ર છે. અગ્નિદત્તની બહેન તારા છે. અગ્નિદત્તનું પાત્ર આ નવલકથા પૂરતું સીમિત છે. એ કાલ્પનિક છે, એ ઐતિહાસિક નથી. દિવાકર આ નવલકથાનું જીવંત પાત્ર છે. એ બુંદેલ રાજપૂત છે, એ તારા ને પ્રેમ કરે છે. દિવાકર અંતર્મુખી વ્યક્તિત્વ ધરાવે છે. દિવાકર ચરિત્રવાન વ્યક્તિ છે. રાજધર કથાની દ્રષ્ટિએ પુરૂષ પાત્રો માં તેનું પાત્ર ખૂબ જ નાનું છે. એની ખાસ વિશેષતા નથી, પણ માનવંતી સાથે તેના વિવાહ થાય છે. એટલે એ નોંધપાત્ર બની રહે છે.

ગુજરાતી નવલકથાકાર મુનશી ની નવલકથા 'પૃથિવીવલ્લભ' ની રચના કરતી વખતે મુનશીએ ઐતિહાસિક તથ્યો કે વ્યક્તિઓની કાળજી રાખી નથી. લોહીનો આવેગ જેની રગોમાં છે, એવા ખરા જીવનમાં પ્રેમ કરે છે, યુદ્ધ કરે છે, એવા સ્ત્રી પુરુષોને ચીતરવામાં મુનશીએ પોતાની સાર્થકતા સમજી છે. 'પૃથિવીવલ્લભ' નવલકથાના કેન્દ્રમાં મુંજ મુખ્ય પાત્ર છે. મુજને મૃણાલ સાથેના પ્રણય સંબંધમાં જોવા મળે છે, એ કાલ્પનિક છે. રસનિધિ ભોજ અને વિલાસ નો પ્રેમ કથામાં દર્શાવ્યો છે, એ પણ કાલ્પનિક છે, આ પ્રણય સંબંધ મુનશીની કલ્પનાશક્તિનું પરિણામ છે. કથાનાયક મુંજ તૈલપ ને સોળ વખત યુધ્ધમાં હરાવે છે, તૈલપની બહેન મૃણાલ તપસ્વિની છે, વિરાંગીની છે, છતાં મુંજ જ્યારે સત્તર મી વખત તૈલપ સાથેના યુધ્ધમાં હારી જાય છે, ત્યારે બંદીવાન મુંજ પ્રત્યે મૃણાલ આકર્ષિત અને અનુરાગ અનુભવે છે. જીવનની રસિકતા અને જીવનના ઉલ્લાસની મૃણાલને ઝંખના રહે છે. મૃણાલ બાળવિધવા છે, પણ એ સંયમની જીવનશૈલી પર ચાલનારી મૃણાલ પ્રણય સામે હારી જાય છે. રસિકતાનો વિજય થાય છે. પરપીડન વૃત્તિ ધરાવતી દંભી અહમ કેન્દ્રી મૃણાલને બંદીવાન મુંજ પોતાના રૂપથી, રસિકતાથી, નીડરતાથી, પૌરુષતાથી અને પ્રેમ કલાના પ્રાવીણ્ય થી મૃણાલની જીતી જાય છે. અને પોતાની પૃથિવીવલ્લભતા ને સિધ્ધ કરે છે. મૃણાલ પોતે તાપસી બનીને જે ગર્વ ધારણ કરતી હતી, એ ગર્વ ચૂર થાય છે. અને તેને બદલે પ્રિયતમા બની ને વધુ ગર્વ અનુભવે છે. બીજી બાજુ મુજનો કવિ ભોજ, પોતાની કાવ્યરસિકતાથી તૈલપ ના પુત્ર સત્યાશ્રયની વાગદત્તા વિલાસવતી ને જીતી જાય છે. પૃથિવીવલ્લભ ની બન્ને પ્રણયકથામાં પ્રણય અને બે વિરોધી શત્રુઓની સત્તા લાલસાનો સંઘર્ષ નિરુપણ પામે છે. સત્યાશ્રય ના હાથે વિલાસ ની હત્યા થાય છે. વિલાસના ઉદાર પ્રેમનું બલી શત્રુની વેદી પર હોમાઈ જાય છે. આ તરફ મુજને તૈલપ હાથીના પગ નીચે કચડીને મારી નાખે છે. આમ બંન્ને પ્રણય કથાનો કરુણ અંત આવે છે. આ કરુણતાનું કારણ શત્રુઓના સત્તાનો સંઘર્ષ બની રહે છે.

ગુજરાતી નવલકથા 'પૃથિવીવલ્લભ' અને હિન્દી નવલકથા 'ગઢકુંડાર' માં ઈતિહાસ અને કલ્પનાનો સમન્વય સરખો જણાય આવે છે. મુનશી ઈતિહાસ કરતાં કલ્પના સાથે વધુ નજીક દેખાય છે. મુનશીની કલ્પના તીવ્ર પણે કથામાં આવે છે. જ્યારે વૃંદાવનલાલ વર્મા ની નવલકથામાં કલ્પના સાથે ઈતિહાસની સચ્ચાઇ પણ સાથે રહે છે. 'ગઢકુંડાર' ની કથામાં ત્રણ પ્રણય કથાઓ આપણી સમક્ષ આવે છે. જ્યારે મુનશીની નવલકથા 'પૃથિવીવલ્લભ' માં બે પ્રણયકથાઓ નિરૂપણ પામી છે. વૃંદાવનલાલ વર્મા ની પ્રણય ભાવના અનેક પરિમાણ વાળી છે. મુનશીની પ્રણય ભાવના જીવન ઉલ્લાસની તરફેણ કરે છે. તારા અને દિવાકર સાચા પ્રેમી હોવા છતાં સંયમનું ગૌરવ કરે છે. જ્યારે મુંજ અને મૃણાલ ના સંબંધમાં મૃણાલ તપસ્વીની હોવા છતાં સંયમનું માત્ર મહોરું પહેરી રાખે છે. અને એ પણ ટકતું નથી. ગઢકુંડાર ની ત્રણેય પ્રણય કથાઓમાં પ્રિયતમા અને પ્રિયતમ વચ્ચેના મિલનમાં જાતિભેદનું વિઘ્ન આવે છે. નાગદેવ અને હેમવતી, અગ્નિદત્ત અને માનવતી આ પાત્રો જ્ઞાતિભેદ, ઊંચનીચના ભેદભાવના કારણે પોતાના વ્યક્તિગત આવેગથી પામવાનો પ્રયત્ન કરે છે. પણ એમાં સફળતા મળતી નથી. દિવાકર અને તારા સંયમ ના ધૈર્યથી જ્ઞાતિભેદના વિઘ્નને સફળતાથી દૂર કરી શક્યા છે. બીજી બાજુ 'પૃથિવીવલ્લભ' માં મુંજ અને મૃણાલ, રસનિધિ અને વિલાસવતી ના પ્રણયમાં બે કુળની શત્રુતા આડે આવે છે. અને રાજકીય સત્તાની ખેંચતાણમાં બંન્નેના ભોગ લેવાઈ જાય છે. પૃથિવીવલ્લભમાં વ્યક્તિલક્ષી પ્રેમ પાંગરે છે. પણ શત્રુતા, સત્તા ના પ્રભુત્વથી પ્રણયકથાનું બલિદાન લેવાઈ જાય છે. વૃંદાવનલાલ વર્મા ની કથામાં પ્રણયભાવનામા જ્ઞાતિનું વિઘ્ન જોવા મળે છે. એ જ રીતે મુનશીની પ્રણય ભાવનામાં સત્તા

અને શત્રુતાનું વિઘ્ન રૂપ જોવા મળે છે આ બન્ને કથાઓમાં ઈતિહાસમાંથી સામગ્રી લઈને લેખકોએ નવલકથા રચી છે. આપણી જાતિપ્રથા ધર્મપ્રધાનતા માં સંકુચિતતા પ્રવેશેલી જોવા મળે છે. એમાં જ્ઞાતીભેદ પ્રણયી પાત્રો માટે જીવલેણ બની રહે છે. સાથે બીજી બાજુ રાજકીય સત્તા માટેની ખેંચાખેંચી કુળવંશ વચ્ચેની શત્રુતા પણ પ્રણય કથાને કરુણાસભર બનાવી દે છે. આ બન્ને સર્જકો જ્ઞાતિ–જાતિ ભેદ, કુળ અભિમાન આ બધું માનવતાવાદી વલણથી દૂર કરી શક્યા છે આ બંન્ને કથા પરથી આપણને સમજી શકાય છે.

## સંદર્ભ સૂચિ


1. વર્મા વૃંદાવનલાલ 'ગઢકુંડાર'.
2. જાડેજા દિલાવરસિંહ 'મુનશીની નવલકથાનાં ઈતિહાસ તત્ત્વ'.
3. હજારીપ્રસાદ દ્વિવેદી 'ઐતિહાસિક નવલકથા માં કલ્પના અને સત્ય'.